Switchover Helpscheme: GUJARATI



# સ્વિચઓવર હેલ્પ સ્કીમ
# (સ્વિચઓવરમાં મદદ કરતી યોજના)

**ડિજિટલ ટીવીમાં પરિવર્તન કરવામાં જેમને કદાચ મુશ્કેલી લાગી શકે તેવાં વૃદ્ધો અને અસમર્થ લોકોને અમે મદદ કરીએ છીએ**

**ડિજિટલ ટીવી સ્વિચઓવર કરવા માટે મદદ હાથવગી જ છે**

સમગ્ર યુકેમાં ટીવી ડિજિટલ બની રહ્યાં છે અને ટૂંક સમયમાં જ તમારા વિસ્તારમાં જૂનું પરંપરાગત ટીવી સિગ્નલ બંધ કરી દેવામાં આવશે. જો આ સ્વિચઓવરના સમય સુધીમાં તમારી પાસે ડિજિટલ ટીવી નહિ હોય, તો તમને તમારી ટીવીની સેવા મળવાનું બંધ થઈ જશે. પરંતુ, તમારે ચિંતા કરવાની જરૂર નથી. 'હેલ્પ સ્કીમ' (Help Scheme) અહીં તમારી મદદ માટે હાજર છે.

**હેલ્પ સ્કીમ શું કરે છે?**

યોગ્યતા ધરાવતાં લોકોને તેમના ટીવી સેટનું પરિવર્તન કરીને તેને ડિજિટલ બનાવવામાં અમે મદદ કરીએ છીએ. જો તમે યોગ્યતા ધરાવતાં હશો તો અમે તમને ડિજિટલ ટીવી વિશે સ્પષ્ટતા અને સરળતાથી સમજાવીશું. તમને મળી શકતા તમામ વિકલ્પો વિશે અમે તમને કહીશું. તમારા ઘરમાં જેની જરૂર હશે તે અમે નાખી આપી શકીશું. અને તે બધું કેવી રીતે કામ કરે છે તેનાથી તમે પૂરેપૂરાં રાજી હો તેની ખાતરી કરીશું.

**મારી પાસે ડિજિટલ ટીવી છે કે નહિ તેની મને કેવી રીતે ખબર પડે?**

જો તમારા એક પણ ટીવી સેટ ઉપર પાંચ કરતાં વધારે ચેનલો આવતી હોય, તો તમારી પાસે પહેલેથી જ કદાચ ડિજિટલ ટીવી છે. પરંતુ જો તમારી પાસે પહેલેથી તમારો મુખ્ય ટીવી સેટ ડિજિટલ હોય તો પણ તમારા ઘરમાં બીજે ક્યાંક મૂકેલા, દાખલા તરીકે તમારા બેડરૂમ કે રસોડામાં મૂકેલા બીજા ટીવીનું અમે પરિવર્તન કરી આપી શકીશું.

તમારા ટીવી સેટનું પરિવર્તન અમે સરળ રીતે કરી શકીશું અને તમારે ટીવી સેટ બદલવાની પણ જરૂર નહિ પડે.

switchover help scheme

## શું હું યોગ્યતા ધરાવું છું?

**અમે તે દરેકની મદદ કરી શકીએ છીએ,જેઓ:**

- 75 વર્ષ કે તેથી વધારે ઉંમરનાં હોય, **અથવા**
- છ મહિના કે તેથી વધારે સમયથી કેર હોમમાં રહેતાં હોય, **અથવા**
- નીચેનામાંથી કોઈ બેનિફિટ મેળવતાં હોય (કે મેળવી શકે તેમ હોય):

– ડિસેબિલિટી લિવિંગ અલાવન્સ, **અથવા**
– અટેન્ડન્સ અથવા કોન્સ્ટન્ટ અલાવન્સ, **અથવા**
– મોબિલિટી સપ્લીમેન્ટ, **અથવા**

- નોંધાયેલાં અંધ કે થોડાક અંશે અંધ હોય.

## મારે પૈસા ચૂકવવા પડશે?

પ્રમાણભૂત ઓફર માટેના **£40** ચૂકવવાનું અમે તમને કહીશું, જેમાં નીચેની વસ્તુઓનો સમાવેશ થાય છે:

- તમારી જરૂરતો પૂરી કરતું હોય તેવું વાપરવામાં સહેલું સાધન.
- જો તમે ઈચ્છો તો સાધન લગાવવામાં મદદ.
- અમારાથી જ્યાં થઈ શકે તેમ હશે ત્યાં એરિયલની તપાસ કરીને જરૂરી હશે તો બદલી આપવું.
- તે સાધન કેવી રીતે વાપરવું તે તમને કરીને બતાવવું અને તમને જ્યારે તે બધી વસ્તુઓ વાપરવાની આદત પડી રહી હોય તે દરમ્યાન મદદ માટે કોઈને ફોન કરી શકો તેવી કોઈ વ્યક્તિનો નંબર.

જો તમને પેન્શન ક્રેડિટ, ઈન્કમ સપોર્ટ, આવક આધારિત એમ્પ્લોયમેન્ટ એન્ડ સપોર્ટ અલાવન્સ અથવા આવક આધારિત જોબસીકર્સ અલાવન્સ મળતું હોય તો આ સેવા **મફત** છે.
વધારાની કિંમતે બીજા વિકલ્પો પણ ઉપલબ્ધ છે જે અમે તમને સમજાવી શકીશું.

મદદ મેળવવા માટે તમારી પાસે પ્રમાણભૂત ટીવી લાઈસન્સ હોવું જ જોઈએ (જો તમે 75 વર્ષથી વધારે ઉંમરનાં હો તો તે મફત છે).

## તો હવે મારે શું કરવું?

***જો તમે સ્વિચઓવર હેલ્પ સ્કીમ માટે યોગ્યતા ધરાવતાં હશો, તો ઘણા બધા સમય અગાઉથી અમે તમને લખીને તમને અમારી મદદ જોઈએ છે કે નહિ તે પૂછીશું.***

**Switchover Helpscheme: GUJARATI**

**મદદની જરૂર હોય તેવાં બીજાં કોઈને જાણો છો?**
તમારા કોઈ મિત્ર કે કુટુંબીજન કે પછી સ્થાનિક સમાજમાં એવી કોઈ વ્યક્તિ હોઈ શકે જેમને સ્વિચઓવર માટે મદદની જરૂર પડવાની હોય. જો એવું હોય, તો કૃપા કરીને તેમને આ માહિતી આપો.

વધારે માહિતી માટે અમને **0800 40 85 900** પર મફત ફોન કરો અથવા **helpscheme.co.uk** જુઓ.

ફોનલાઈનો સોમવારથી શુક્રવાર સવારે 8થી રાત્રે 8 સુધી અને શનિવાર અને રવિવારે સવારે 8થી સાંજે 6 સુધી ખુલ્લી છે. જો તમે મોબાઈલ પરથી ફોન કરશો તો તેના દર અલગ હોઈ શકે છે.

- જો તમને આ માહિતી મોટા અક્ષરોમાં છાપેલી, સહેલાઈથી વંચાય તેવી રીતે અથવા વાર્તાની ચોપડીના સ્વરૂપમાં, બ્રિટિશ સાઈન લેંગ્વેજમાં, ઓડિયો ઉપર અથવા બીજી કોઈ ભાષામાં જોઈતી હોય, તો કૃપા કરીને **0800 40 85 900** ઉપર ફોન કરો.

- જો તમને સાંભળવાની તકલીફ હોય અથવા બોલવામાં મુશ્કેલી પડતી હોય, તો તમે અમારી મફત ટેક્સ્ટફોન સેવાનો **0800 40 85 936** પર સંપર્ક કરી શકો છો.

સ્વિચઓવર હેલ્પ સ્કીમ સરકાર સાથે કરવામાં આવેલા કરાર હેઠળ બીબીસી (BBC) દ્વારા ચલાવવામાં આવે છે. અમે ડિજિટલ ટીવીમાં પરિવર્તન કરવામાં મુશ્કેલી અનુભવતાં વૃદ્ધો અને અસમર્થ લોકોને મદદ કરીએ છીએ.

સ્વિચઓવર હેલ્પ સ્કીમ Digital Switchover Help Scheme Limited વતી,
Carillion Energy Services Limited, 24 Birch Street, Wolverhampton, WV1 4HY.
દ્વારા સંચાલન કરવામાં આવી રહી છે.  કંપની રજિસ્ટ્રેશન નંબર 3858865.

**પ્રશ્નો? 0800 40 85 900** પર ફોન કરો અથવા **helpscheme.co.uk** જુઓ

switchover
help scheme